

1 સ્વસ્તિક 2 શ્રીવત્સ 3 નંદ્યાવર્ત 4 વર્ધમાનક

# અષ્ટમંગલ ઐશ્વર્ય




5 ભદ્રાસન 6 પૂર્ણકલશ 7 મીનયુગલ 8 દર્પણ

- ઈશાનુગ્રહ

Shilp-Vidhi

# શિલ્પવિધિ પ્રકાશન

જૈનાગમ શાસ્ત્રો, પ્રકીર્ણકગ્રંથો, શિલ્પગ્રંથો,
વિધિગ્રંથો, કોશગ્રંથો, દિગંબર ગ્રંથો, અન્ય દર્શનીય
(વૈદિક-બૌદ્ધ)ગ્રંથો, જૈન સામયિકો, શોધ લેખો
આદિને આધારે ઉપલબ્ધ જૈન સાહિત્યમાં
સર્વપ્રથમવાર શાશ્વતસિદ્ધ અષ્ટમંગલોના પ્રત્યેક મંગલ
સંબંધિત વિસ્તૃત વર્ણનાત્મક શોધ નિબંધ સ્વરૂપ
શાસ્ત્રીય સંદર્ભ ગ્રંથ એટલે જ...



।। ૐ હ્રીઁ શ્રીઁ અર્હં શ્રી જીરાઉલા–શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।।
।। શ્રી પ્રેમ–ભુવનભાનુ–પદ્મ–જયઘોષ–હેમચંદ્ર–જયસુંદર–કલ્યાણબોધિસૂરિભ્યો નમઃ ।।
।। ૐ હ્રીઁ ઐઁ ક્લીઁ શ્રી પદ્માવતીદેવ્યૈ નમઃ ।।



# અષ્ટમંગલ ઐશ્વર્ય

: કૃપાવર્ષા :

પ.પૂ. સિદ્ધાંતદિવાકર સુવિશાલગચ્છાધિપતિ આ.ભ.શ્રીમદ્વિજય
**જયઘોષસૂરીશ્વરજી મહારાજા**

પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ પ્રાચીનશ્રુતોદ્ધારક આ.ભ.શ્રીમદ્વિજય
**હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા**

મારા પ્રભુના સંઘની સર્વતોમુખી ઉન્નતિ હો !
મારા પ્રભુના સંઘમાં સર્વત્ર સુખ ને શાંતિ હો !
મારા પ્રભુની ભક્તિ કાજે અષ્ટમંગલ વર્ણવું,
મારા પ્રભુ ! દેજો મને વરદાન એક જ મોક્ષનું.


–: પ્રકાશક :–

શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ
શ્રી શિલ્પવિધિ પ્રકાશન

નામ : **અષ્ટમંગલ ઐશ્વર્ય**

વિષય : **જિનશાસનમાં શ્રેષ્ઠ મંગલપણે સ્વીકૃત શાશ્વતસિદ્ધ અષ્ટમંગલોનો સરળ પરિચય.**

સંશોધન : પૂજ્યપાદ સુવિશાલ ગચ્છાધિપતિ **આ.ભ.શ્રી જયઘોષસૂરીશ્વરજી મહારાજા**ના શિષ્યરત્ન
પ.પૂ. સંઘશાસન કૌશલ્યાધાર
**આ.ભ.શ્રી. જયસુંદરસૂરીશ્વરજી મ.સા.**

આલેખન : વર્ધમાનતપોનિધિ **આ.ભ.શ્રી કલ્યાણબોધિસૂરીશ્વરજી મ.સા.**ના શિષ્ય **મુનિશ્રી સૌમ્યરત્ન વિજયજી મ.સા.**

આવૃત્તિ : પ્રથમ : વિ.સં. ૨૦૭૧ (**૫૦૦૦ ગુજરાતી, ૩૦૦૦ હિન્દી**)
દ્વિતિયઃ વિ.સં. ૨૦૭૩ (**૧૦૦૦ ગુજરાતી, ૨૦૦૦ હિન્દી**)

કિંમત : રૂ. 25/- (સર્વાધિકાર સુરક્ષિત)

પ્રાપ્તિ સ્થાન : **અમદાવાદ :**
**સિદ્ધાંતમહોદધિ શ્રી પ્રેમસૂરીશ્વરજી શ્રુતસદન**
**પાલડી** : યોગેશભાઈ – 99745 87879
**સાબરમતી** : બિજુલભાઈ – 94277 11209
84908 21546
**મુંબઈ** : શ્રી અક્ષયભાઈ શાહ – 95945 55505

**Online available at**
www.shilpvidhi.org
www.jainelibrary.org

કાયમી સંપર્ક : **મુનિ સૌમ્યરત્ન વિજય**
C/o **શિલ્પવિધિ, શ્રી બાબુભાઈ બેડાવાળા**
11, બોમ્બે માર્કેટ, રેલ્વેપુરા, અમદાવાદ–380002.
મો. 94265 85904

મુદ્રક : જૈનમ્ ગ્રાફિક્સ, અમદાવાદ

# પ્રકાશકીય

## વિ.સં. ૨૦૭૨, પાલીતાણામાં યોજાયેલ ઐતિહાસિક શ્રમણ સંમેલનનો ઠરાવ નં.૪૮

લગભગ દરેક સંઘોમાં સાધારણ ખાતાની સ્થિતિ એવી હોય છે કે ત્યાં ખર્ચ મોટા હોય અને તેના પ્રમાણમાં આવક અલ્પ હોય. આના કારણે સંઘોમાં ઘણી સમસ્યા સર્જાય છે. આના એક નક્કર ઉકેલરૂપે આ શ્રમણ સંમેલન, સર્વ ગુરૂ ભગવંતો તથા સમસ્ત જૈન સંઘોને માર્ગદર્શન આપે છે કે આ વર્ષના પર્યુષણ પર્વથી જ પ્રતિવર્ષ

(૧) પર્યુષણના દિવસોમાં સાધારણ ખાતાથી બનાવેલ અષ્ટમંગલની અલગ-અલગ ઊછામણી બોલી સકળ સંઘોના મંગળ માટે તેનાં દર્શન કરાવવાં.

(૨) શ્રી કલ્પસૂત્ર જે રાજા માટે સર્વત્ર પ્રથમવાર જાહેરમાં વંચાયું હતું. તે ધ્રુવસેન રાજા બનવાની ઉછામણી બોલાવવી તેમજ સંઘશ્રેષ્ઠિ બનવાની ઉછામણી પણ બોલાવવી.

(૩) સંવત્સરી મહાપર્વ દિને બારસાસૂત્ર પૂર્ણ થવા આવે ત્યારે સકળ સંઘને સર્વ પ્રથમ જાહેર ક્ષમાપના કરવાની ઉછામણી બોલાવવી.

આ તમામ ૧૧ ઉછામણીની રકમ સંપૂર્ણપણે સર્વસાધારણ ખાતે લેવી. આ ઉપરાંત, બારે'ય માસના માસિક સર્વ સાધારણ ચડાવા, બારમાસી કે કાયમી સર્વસાધારણ ફંડ જેવા ઉપાયો પણ અમલી કરવા.

* * *



ઉપરોક્ત ઠરાવ અનુસાર ભારતભરના સમગ્ર તપ. શ્રી સંઘોમાં સાધારણ દ્રવ્યની વૃદ્ધિના કર્તવ્ય સંદર્ભે પર્યુષણ પર્વના મહાન પવિત્ર દિવસોમાં સકળ શ્રી સંઘને અષ્ટમંગલ દર્શનની ઉછામણીનો શુભારંભ થઈ રહ્યો છે, એ પુણ્યાવસરે અષ્ટમંગલનું મહત્વ શ્રી સંઘને અવગત થાય એ હેતુથી **પ.પૂ.શ્રી પ્રેમ-ભુવનભાનુસૂરીશ્વરજી સમુદાય**ના પ.પૂ. પ્રાચીનશ્રુતોદ્ધારક આ.ભ.**શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા**ના શિષ્યરત્ન પ.પૂ.વર્ધમાનતપોનિધિ આ.ભ. **શ્રી કલ્યાણબોધિસૂરીશ્વરજી મહારાજા**ના શિષ્ય પૂ. મુનિરાજ **શ્રી સૌમ્યરત્નવિજયજી**એ ઉપલબ્ધ પ્રાચીન સ્વ-પર ધર્મશાસ્ત્રોના ઉદ્ધરણો તથા સંશોધનાત્મક લેખો અને પ્રાચીન-અર્વાચીન શિલ્પકલાના સંદર્ભે અષ્ટમંગલ માહાત્મ્ય નામનો ગ્રંથ તૈયાર કર્યો છે. પ્રસ્તુત પુસ્તિકા એ તે સુવિસ્તૃત ગ્રંથનો લોકોપયોગી સરળ ભાષામાં સારસંગ્રહ છે.

શ્રમણ સંમેલનના ઉપરોક્ત ઠરાવમાં સર્વસાધારણ દ્રવ્યની વૃદ્ધિના કર્તવ્ય સંદર્ભે અષ્ટમંગલના ચડાવા ઉપરાંત અન્ય પણ શક્ય ઉપાયો અમલી કરવા માટેનું સૂચન કર્યું છે, જે અંગે **'સર્વ સાધારણ દ્રવ્ય વૃદ્ધિસ્થાન માર્ગદર્શન'** સ્વરૂપે કેટલાક ઉપાયો પણ પુસ્તિકાને અંતે દર્શાવેલ છે. આશા છે કે સકળ શ્રીસંઘને તે સવિશેષ ઉપયોગી થશે.

અવસરોચિત અષ્ટમંગલ પરિચાયક પુસ્તિકા આલેખક પૂ. મુનિરાજશ્રી તથા પ્રકાશન લાભાર્થી ગુરુભક્ત પરિવાર પ્રત્યે સહૃદય આભાર. પ્રસ્તુત દ્વિતીય આવૃત્તિમાં મુનિશ્રીએ સવિશેષ ઉપયોગી સુધારા-વધારા કર્યા છે, જે પણ આવકાર્ય છે.

અમારા ટ્રસ્ટના સબળ અને સક્ષમ પ્રેરણાસ્રોત પૂજ્યપાદ પ્રાચીનશ્રુતોદ્ધારક આ.ભ.શ્રીમદ્વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાની પુણ્યપ્રેરણાના પીયૂષપાન થકી પ્રસ્તુત પુનિત પ્રકાશન દ્વારા શ્રી સંઘભક્તિમાં યત્કિંચિત્ નિમિત્ત બનતાં જીવનની ધન્યતા અને સુકૃતની સાર્થકતા અનુભવીએ છીએ.

**લિ.**

**શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ વતી,**

**શ્રી ચંદ્રકુમારભાઈ જરીવાલા　　શ્રી પુંડરિકભાઈ શાહ**

**શ્રી લલિતભાઈ કોઠારી　　શ્રી વિનયચંદ્ર કોઠારી**

# માંગલ્યમ્

વર્ષોથી જિજ્ઞાસા થતી રહેતી કે અષ્ટમંગલનું જૈન શાસનમાં શું મહત્ત્વ? જૈન શાસનમાં તો ભાવમંગલનું જ મહત્ત્વ હોય ને ! ભાવમંગલ તો પંચપરમેષ્ઠિને થતો નમસ્કાર છે. એ તો પ્રાયઃ તમામ જૈનો રોજ કરતા હોય છે. તો શું આ અષ્ટમંગલનું મહત્ત્વ લૌકિક છે કે લોકોત્તર ? જૈનેતરોમાં આઠે આઠ મંગલનું તો વિધાન દેખાતું નથી. દેખાય છે તો માત્ર જૈન આગમ વગેરે શાસ્ત્રોમાં. જ્ઞાતાધર્મકથા વગેરે અનેક અંગપ્રવિષ્ટ અંગબાહ્ય શાસ્ત્રોમાં ઠેર ઠેર અષ્ટમંગલનું જબરું વર્ણન આવે છે. અષ્ટમંગલ પ્રાસાદિક છે, દર્શનીય છે, નિર્મલ છે, ઝગમગતા છે વગેરે વગેરે...

વળી, શ્રાદ્ધવિધિ વાંચતા શ્રી દશાર્ણભદ્રના દૃષ્ટાન્તમાં 'અષ્ટમંગલ પ્રવિભક્તિચિત્ર' નામના નાટકનો ઉલ્લેખ જોવા મળ્યો. ઘણું આશ્ચર્ય થયું. એ અષ્ટમંગલનો મહિમા જાણવા–સમજવા ઘણી જિજ્ઞાસા હૈયામાં સળવળ્યા કરતી હતી. શું હશે આ અષ્ટમંગલ ? એના દર્શનથી શું લાભ ? વગેરે વગેરે...

ધન્યવાદ છે આ પુસ્તિકાનું સચોટ શાસ્ત્રાધારે આલેખન કરનારા મુનિરાજશ્રી સૌમ્યરત્ન વિજયજીને ! અનેક શાસ્ત્ર–ગ્રંથોનું અવગાહન કરીને એમણે આ શોધનિબંધની શ્રી સંઘને ભેટ ધરી છે, જેના દ્વારા અનેક મારા જેવા જિજ્ઞાસુઓના જ્ઞાનકોશમાં મંગલવૃદ્ધિ થયા વગર નહીં રહે. શિવમસ્તુ સર્વજગતઃ ।

દ.

**આ.વિ. જયસુંદરસૂરિ**



# उत्पत्स्यते च मम कोऽपि समानधर्मा

* અષ્ટમંગલનો પી.એચ.ડી. તુલ્ય થીસીસ તૈયાર કરવામાં જેમ જેમ ઊંડાણમાં જવાનું થયું, તેમ તેમ અષ્ટમંગલની મૌલિક જૈન પરંપરા, અષ્ટમંગલનું શાશ્વતપણું, તેનો શાશ્વતસિદ્ધ ક્રમ, તેની ૮ કે ૬૪ની સંખ્યા, તેનું પૂજન નહિ પણ આલેખન, તેના વિસર્જનમાં દોષાભાવ વગેરે અનેક અવનવા પદાર્થો જાણમાં આવ્યા. એ સર્વ સ્વ–પર ધર્મશાસ્ત્રોની પ્રરૂપણાઓ તેમજ શિલ્પકલાના પ્રાચીન દૃષ્ટાંતો અષ્ટમંગલ માહાત્મ્ય (સર્વસંગ્રહ) નામના ગ્રંથમાં વિસ્તારથી જણાવેલ છે. જિજ્ઞાસુઓએ એકવાર તેનું અવગાહન અવશ્ય કરવું જોઈએ.

* યંત્રવિજ્ઞાન પ્રમાણે પ્રત્યેક આકાર એક યંત્ર છે, અને તેને તેની પોઝીટીવ કે નેગેટીવ ઊર્જા હોય છે, વાયબ્રેશન્સ હોય છે. અષ્ટમંગલના શુભ માંગલિક આકારો ભરપૂર પોઝીટીવ ઊર્જાવાળા છે. સ્વસ્તિક વિષે તો આ સંદર્ભે ઘણું સંશોધન થયેલ છે, ગ્રંથો પણ લખાયા છે, તથા અનેકના અનુભવો પણ છે. અન્ય પણ સાતે'ય માંગલિક આકારો વિષે આવું સંશોધન પ્રતીક્ષામાં છે.

* આજે ઘણા જૈનો જમીન ચેકીંગ વગેરે જેવા ઊર્જા–ઓરા–રેકી–વાયબ્રેશન્સની ફ્રીક્વન્સી માપવી વગેરે ફીલ્ડમાં છે. તેઓ આ બાબતે પ્રયત્ન કરી શકે. એ દ્વારા અષ્ટમંગલનો શાશ્વત ક્રમ આ જ પ્રમાણે કેમ–તેનું પણ રહસ્ય બહાર આવી શકે. અષ્ટમંગલની સૃષ્ટિના પાંચ તત્વ કે નવ ગ્રહો સાથેના અનુસંધાનની દિશામાં પણ વિચારણા થઈ શકે. જેમકે જળપૂર્ણ કળશ એ પૃથ્વીતત્વ અને જળતત્વનું પ્રતિનિધિત્વ કરે, ૧૨મી મીનરાશિ ગુરુ ગ્રહની હોઈ મીનમંગલ અને ગુરુગ્રહના પારસ્પરિક સંબંધની વિચારણા વગેરે...

* પ્રબુદ્ધ ચિંતકો અષ્ટમંગલની, ૮ કર્મ–૮ યોગના અંગ કે ૮ યોગદૃષ્ટિ વગેરે અષ્ટ સંખ્યાત્મક પદાર્થો સાથે તુલનાત્મક, અનુસંધાનાત્મક ચિંતવણા કરી નૂતન ઉત્પ્રેક્ષાઓ શ્રીસંઘમાં રજૂ કરી શકે.


* કવિત્વશક્તિ સંપન્ન પુણ્યાત્માઓ અષ્ટમંગલ વિષયક સ્તુતિ વગેરે નૂતન રચનાઓ કરી શકે.

* જેમ જેમ સમય પસાર થશે, તેમ તેમ કુદરતના ક્રમમાં આવું કાર્ય પણ થશે. એ માટે યોગ્ય જે તે સમયે, જે તે યોગ્ય મહાત્મા કે વ્યક્તિ, શ્રી સંઘના પુણ્યે મળી રહેશે એવી હાર્દિક લાગણી અને આંતરિક વિશ્વાસ છે.

* પૂજ્યપાદ સુવિશાલ સમર્થ ગીતાર્થ ગચ્છાધિપતિ આ.ભ. શ્રીમદ્વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન સંઘશાસનકૌશલ્યાધાર તર્કનિપુણ આ.ભ. શ્રીમદ્વિજય જયસુંદરસૂરીશ્વરજી મહારાજા એ પ્રસ્તુત પુસ્તિકાનું સંશોધન કરી તેની પ્રામાણિકતામાં અનેકગણો વધારો કર્યો છે, જે બદલ તેઓનો ઋણી છું.

* પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રીના **અષાઢ વદ-૨**, વિ.સં.૨૦૭૩ના ૮૨મા જન્મદિન નિમિત્તે પૂજ્યશ્રી સહિત સકળ શ્રી સંઘના કરકમળમાં આ દ્વિતીય આવૃત્તિ પુસ્તિકા પુષ્પ સમર્પિત કરતાં ધન્યતા અનુભવું છું. જિનાજ્ઞાવિરુદ્ધ કોઈ પ્રરૂપણા થવા પામી હોય તો મિચ્છામિદુક્કડમ્.

**અષાઢ વદ-૨**, વિ.સં. ૨૦૭૩ **- મુનિ સૌમ્યરત્ન વિજય**
૩૮મો જન્મદિન, સાબરમતી, અમદાવાદ



**મથુરાપ્રાપ્ત ૨૦૦૦ વર્ષ પ્રાચીન અષ્ટમંગલયુક્ત આયાગપટ્ટ**

# અષ્ટમંગલ દૂહા

અષ્ટમંગલ આલેખતાં તથા શ્રી સંઘને દર્શન કરાવતા
નીચેના દૂહા બોલી શકાય

**અ. અષ્ટમંગલ**

મંગલ અષ્ટના દર્શને, સંઘનું મંગલ થાય;
વિઘ્ન ટળે કારજ સરે, શાશ્વત સુખ પમાય.

**૧. સ્વસ્તિક :**

ચાર ગતિ ચોગાનમાં, ચાર ધર્મનો સાથ;
સ્વસ્તિકના આલેખને, રિદ્ધિ સિદ્ધિ સવિ હાથ.

**૨. શ્રીવત્સ :**

લક્ષ્મીદેવીનો લાડકો, વક્ષમધ્ય સોહાય;
સુખ સમૃદ્ધિ કારકો, નામ શ્રીવત્સ કહાય.

**૩. નંદ્યાવર્ત :**

આનંદ મંગલ જેહથી, સીમાતીત પમાય;
ભવાવર્ત દૂરે કરે, નંદ્યાવર્ત સદાય.

**૪. વર્ધમાનક :**

વધે વધે નિત્યે વધે, પુણ્ય-યશ-અધિકાર;
વર્ધમાનક તેથી કહે, ધર્મવૃદ્ધિ દાતાર.

**૫. ભદ્રાસન :**

ભદ્રં ભદ્ર જે કરે, ભદ્રાસન મનોહાર;
દર્શનથી દુઃખડા હરે, આત્મરાજ્ય દેનાર.

**૬. પૂર્ણકળશ :**

અંતર્ઘટમાં જે ઠરે, મળશે મુક્તિની પાજ;
પૂર્ણકળશ પૂરણ કરે, ભૌતિક આત્મિક કાજ.

**૭. મીનયુગલ :**

જળ વિણ મીન રહે નહિ, તિમ પ્રભુ તુજ પ્રતિ પ્રીત;
મીનમંગલ આલેખતાં, મળો મુજ એ શુભ ચિત્ત.

**૮. દર્પણ :**

દર્પનાશ કરવા થકી, દર્પણ મંગલરૂપ;
નિર્મળદર્શનથી હુએ, આતમ દર્પણરૂપ.

* મંગલ અષ્ટને વર્ણવ્યા, સંઘના મંગલ કાજ;
પ્રેમ-ભાનુ-જય-હેમકૃપા, દેજો મુક્તિનું રાજ.

|| ૐ હ્રીઁ શ્રીઁ અર્હં શ્રી જીરાઉલા-શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ||

|| શ્રી પ્રેમ-ભુવનભાનુ-પદ્મ-જયઘોષ-હેમચંદ્ર-જયસુંદર-કલ્યાણબોધિસૂરિભ્યો નમઃ ||

|| ૐ હ્રીઁ ઐઁ ક્લીઁ શ્રી પદ્માવતીદેવ્યૈ નમઃ ||




# અ. અષ્ટમંગલ

## અ-૧ મંગલં... મંગલં... તથાસ્તુ !

વ્યક્તિની શ્રદ્ધા જીવનના અનેક પ્રસંગે, અનેક સ્વરૂપે પ્રગટ થાય છે. જિનાલય-ઉપાશ્રયના ખાતમુહૂર્ત-શિલાન્યાસ કે પ્રતિષ્ઠા, પ્રભુપ્રવેશ જેવા ધાર્મિક પ્રસંગો હોય અથવા તો દીકરો પરીક્ષા આપવા કે પરદેશ અભ્યાસાર્થે જતો હોય, કન્યા સાસરે જતી હોય, વહુ પ્રસૂતિ માટે પીયર જતી હોય, નૂતન ઘરમાં કુંભ ઘડો મૂકવો, નવો ધંધો કે નવી દુકાન શરૂ કરવી કે લગ્ન વગેરે સાંસારિક પ્રસંગ હોય, એ દરેક કાર્ય નિર્વિઘ્ને અને સુંદર રીતે સંપન્ન થાય એવી સૌ કોઈની ઈચ્છા-ભાવના હોય છે. એ માટે શુભ મુહૂર્તો જોવાય છે તેમજ માંગલિક ઉપચારો પણ કરાય છે.

શુભ પ્રસંગે ગોળ, ધાણા કે ગોળમિશ્રિત ધાણા, દહીં, કંસાર, લાપસી, સુખડી, પેંડા વગેરે ખાવા-ખવડાવવાનો રિવાજ છે. આ બધા ખાદ્ય દ્રવ્યો મંગલ મનાયા છે. પરીક્ષા આપવા જતા શુકનરૂપે, વિઘ્નનાશ અને કાર્યસિદ્ધિના ભાવથી દહીં, સાકર ખાવામાં-ખવડાવવામાં આવે છે, આ એક માંગલિક ઉપચાર છે.

કોઈ શુભ કાર્ય માટે ઘરેથી પ્રયાણ કરતાં અચાનક સામેથી ગાય કે હાથી આવે તો તે સારા શુકન ગણાય. સામૈયાના વરઘોડામાં

બહેનો માથે કળશ (ઘડા-બેડા) લઈને ગુરુ ભગવંતની સામે દર્શન કરાવવા આવે છે તે પણ આ સ્વરૂપનું જ મંગલવિધાન છે.

શુભ મંગલ માટે દરેકની શ્રદ્ધાની માત્રા પણ અલગ અલગ હોય છે, તેમજ મંગલની રુચિ પણ દરેકની ભિન્ન ભિન્ન હોય છે. ભગવાનના કે પોતાના ઈષ્ટદેવ-દેવીનું દર્શન-વંદન કરીને, કે પછી તેમનો મંત્રજાપ કરીને જ કાર્ય શરૂ કરનારા પણ આપણી આસપાસમાં જ જોવા મળશે.



આમ પણ, આજે વ્યક્તિ અનેક પ્રકારના અપમંગલોથી ઘેરાયેલો છે. ક્યારે'ક આર્થિક વિટંબણા તો ક્યારે'ક શારીરિક, માનસિક આધિ-વ્યાધિ-ઉપાધિ-અશાંતિ-અસમાધિ અને સંકલેશના નિમિત્તો ડગલે ને પગલે જીવને હેરાન-પરેશાન કરી મૂકે છે. ક્યારે'ક અચાનક અણધારી આપત્તિથી માણસ મૂંઝાય છે અને મુરઝાય છે. આ પરિસ્થિતિમાં વ્યક્તિ અતીન્દ્રીય સહાયને ઈચ્છે છે. અપમંગલને દૂર કરે એવા મંગલના શરણે જવા ઈચ્છે છે, જાય છે.

## અ-૨ મંગલ એટલે ???

મંગલ શબ્દનો સીધો સાદો અર્થ છે, જેનાથી આપણું કલ્યાણ થાય તે મંગલ. મંગલ એટલે શુભ, પવિત્ર, પાપરહિત, વિઘ્નવિનાશક વસ્તુ કે વ્યક્તિ.

જે વિઘ્નોનો નાશ કરે તે મંગલ. જે ચિત્તને પ્રસન્ન કરે તે મંગલ. જે ઈચ્છિત કાર્યસિદ્ધિ કરાવે તે મંગલ.

જે સુખની-પુણ્યની પરંપરાનો વિસ્તાર કરે તે મંગલ.

જે જીવનમાં ધર્મને ખેંચી લાવે તે મંગલ.

જે જીવને સંસારથી છૂટકારો અપાવે તે મંગલ અને જેના વડે પૂજા થાય તે પણ મંગલ.



હસ્તપ્રતોમાં અષ્ટમંગલ સુશોભન

## અ-૩ મંગલ : અનેક સ્વરૂપે-અનેક પ્રકારે :

**અરિહંત પરમાત્મા સર્વોત્કૃષ્ટ મંગલ સ્વરૂપ છે.** તેઓના નામ સ્મરણ, જાપ, જિનપ્રતિમા તેમજ ૮ પ્રાતિહાર્ય પણ મંગલ છે. પ્રભુમાતાને આવતા ૧૪ સ્વપ્ન તેમજ જિનપૂજાના ઉપકરણો પણ મંગલસ્વરૂપ છે.

એમ, સાધુ ભગવંતો તેમજ તેમના ઉપકરણો પણ મંગલસ્વરૂપ જાણવા.

સ્વપ્નશાસ્ત્રમાં બતાવેલ ૧૪ મહા સ્વપ્ન, વિવિધ શુભ મુદ્રાઓ ચૈત્યવૃક્ષાદિ કેટલાક વૃક્ષો વગેરે પણ મંગલસ્વરૂપ છે.



શ્રી જીરાઉલા પાર્શ્વનાથ


મનુષ્યના શરીરમાં વિશેષ કરીને હાથ-પગના તળીયામાં જુદી-જુદી રેખાઓની આકૃતિઓ જોવાય છે. મહાપુરુષના શરીરમાં ૩૨ ઉત્તમ લક્ષણો અને ૮૦ લઘુ લક્ષણો ઓછા-વત્તા પ્રમાણમાં જોવા મળી શકે છે, જે પણ મંગલસ્વરૂપ છે.

મંગલ વ્યક્તિરૂપ કે ખાદ્ય પદાર્થરૂપ હોય, ફળ કે ઘાસરૂપ પણ હોય, વાજિંત્ર કે પક્ષીના ધ્વનિ સ્વરૂપ પણ હોય, તેમ મંગલ આકૃતિ સ્વરૂપ પણ હોય. અષ્ટમંગલમાં સ્વસ્તિક, શ્રીવત્સ, નંદ્યાવર્ત અને મીનયુગલ એ આકૃતિ મંગલ સ્વરૂપ છે. વર્ધમાનક, ભદ્રાસન, પૂર્ણકળશ અને દર્પણ એ આકૃતિ મંગલ ઉપરાંત વસ્તુ મંગલ પણ છે.

મંગલ અનેક સ્વરૂપે ને અનેક પ્રકારે હોવા છતાં અહીં આપણે અષ્ટમંગલ વિષે વિચારણા કરીશું.

## અ-૪ અષ્ટમંગલનું મૂળ-જૈન પરંપરા :

માંગલિક પ્રતીકોના ઉલ્લેખો દરેક ધર્મની પરંપરામાં તેમજ લૌકિક ગ્રંથોમાં પણ છે. પરંતુ, અનેક માંગલિક પ્રતીકોમાંથી નિશ્ચિત આઠ મંગલોની અષ્ટમંગલ તરીકેની ગણના સૌ પ્રથમ જૈનાગમગ્રંથોમાં જ છે. ત્યારબાદ અન્ય ધર્મોએ પણ પોતાની રીતે પોતાના આઠ મંગલ જણાવ્યા.



મથુરાપ્રાપ્ત ૨૦૦૦ વર્ષ પ્રાચીન અષ્ટમંગલયુક્ત ચોરસ છત્ર

એ જ રીતે, શિલ્પકલામાં પણ સૌ પ્રથમ અષ્ટમંગલના સામૂહિક ઉત્કીરણ ૨ હજાર વર્ષ જૂના મથુરાથી પ્રાપ્ત જૈન આયાગપટ્ટોમાં જ જોવા મળે છે. જેનું ચિત્ર આગળ પ્રારંભમાં ઉપર આપેલ છે.

કુંભારીયાના હજાર વર્ષ પ્રાચીન શાંતિનાથ જિનાલયની દ્વારશાખ પર સામૂહિક અષ્ટમંગલનું અંકન જોવા મળે છે.

પ્રાચીન જૈન હસ્તપ્રતોની બોર્ડરોમાં પણ સુશોભન માટે અષ્ટમંગલ કરેલા જોવાય છે.

શ્વેતાંબર સંપ્રદાયમાં આજ સુધી એનું ઘણું જ ચલણ રહ્યું છે.

શ્વેતાંબર સાધુ-સાધ્વીજી ભગવંતોના ઓઘામાં (રજોહરણમાં) મંગલ સ્વરૂપે અષ્ટમંગલ આલેખવાની પરંપરા છે. શ્રાવકોના

ઘરોની દ્વારશાખ પર અષ્ટમંગલની પટ્ટીઓ કે સ્ટીકરો લગાવવાનું પણ ચલણ ખૂબ પ્રચલિત છે.

પ્રાયઃ પ્રત્યેક જિનાલયોમાં જિનપૂજાના ઉપકરણ સ્વરૂપે અષ્ટમંગલની પાટલી અવશ્ય જોવા મળશે જ.

૨૪ તીર્થંકર ભગવંતોના જે ૨૪ લાંછન કહ્યા છે, એમાં ૪ લાંછન એવા છે કે જેની ગણના અષ્ટમંગલમાં પણ છે. જેમકે ૭મા સુપાર્શ્વનાથ-સ્વસ્તિક લાંછન, ૧૦મા શીતલનાથ-શ્રીવત્સ લાંછન, ૧૮મા અરનાથ-નંદ્યાવર્ત લાંછન, ૧૯મા મલ્લિનાથ-કુંભલાંછન.

## અ-૫ આગમોમાં અષ્ટમંગલનો શાશ્વતસિદ્ધ ક્રમ:

શ્રી રાયપસેણીય સૂત્ર, શ્રી ઔપપાતિક સૂત્ર, શ્રી જીવાજીવાભિગમસૂત્ર, શ્રી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ, શ્રી જ્ઞાતાધર્મકથા, શ્રી ભગવતીસૂત્ર આદિ આગમોમાં જુદા-જુદા સંદર્ભે અનેકવાર અષ્ટમંગલનો ઉલ્લેખ થયો છે.

શ્રી વિજયદેવ અને શ્રી સૂર્યાભદેવ, શાશ્વત જિનપ્રતિમાની પૂજા અંતર્ગત પ્રભુ સમક્ષ અષ્ટમંગલ આલેખે છે. દેવલોકના વિમાનોના તોરણમાં, જ્યાં પરમાત્માની દાઢાઓ રહેલી હોય છે એ માણવક સ્તંભ ઉપર, સિદ્ધાયતનો-શાશ્વત જિનાલયોની દ્વારશાખ ઉપર અષ્ટમંગલો હોય છે. ચક્રવર્તીઓ ચક્રરત્નની પૂજા કરે ત્યારે તેની સમક્ષ અષ્ટમંગલ આલેખે છે.

આ બધા ઉલ્લેખોથી સિદ્ધ થાય છે કે અષ્ટમંગલ એ શ્વેતાંબર માન્ય આગમોને આધારે શાશ્વત છે.

વળી, અન્ય મહત્ત્વની વાત એ છે કે આ અષ્ટમંગલનો ક્રમ પણ શાશ્વત છે. આગમોમાં જ્યાં જ્યાં પણ અષ્ટમંગલનું વર્ણન છે ત્યાં એક સમાન ક્રમનો જ પાઠ છે.

જમાલી કે મેઘકુમારના તેમજ પરમાત્માના દીક્ષાના વરઘોડામાં પણ શિબિકાની આગળ અષ્ટમંગલો હોય છે. અને તે પણ **'अहाणुपुव्वीए'** અર્થાત્ દરેક મંગલો આગળ-પાછળ કે ગમે તેમ નહિ, પણ યથાક્રમથી જ હોય છે.

અષ્ટમંગલનો શાશ્વત સિદ્ધ આગમિક ક્રમ આ પ્રમાણે :

तं जहा-सोत्थिय-सिरिवच्छ-नंदियावत्त-
वद्धमाणग-भद्दासण-कलस-मच्छ-दप्पण ।

(૧) સ્વસ્તિક, (૨) શ્રીવત્સ, (૩) નંદ્યાવર્ત, (૪) વર્ધમાનક, (૫) ભદ્રાસન, (૬) કળશ, (૭) મીનયુગલ, (૮) દર્પણ.

## અ-૬ અષ્ટમંગલ યાત્રા : આલેખન થી પાટલા-પાટલી સુધી


અષ્ટમંગલ રજતપટ્ટિકા

જિનપૂજા દેવલોકની હોય કે મનુષ્યલોકની, જિનપૂજામાં જિનપ્રતિમા સમક્ષ અષ્ટમંગલના આલેખનની જ વાત ગ્રંથોમાં છે તથા વ્યવહારમાં પણ પ્રચલનમાં છે.

અંજનશલાકા જેવા વિધાનોમાં ૧૫મી સદી સુધી તો શુદ્ધ ગોબરથી લીંપેલ ભૂમિ પર જ અષ્ટમંગલ આલેખાતા. ૧૬મી સદીથી પાટલા પર આલેખવાનો વિકલ્પ આવ્યો. ૧૯ મી સદીથી વિધિવિધાનોમાં અષ્ટમંગલનો પાટલો આવશ્યક રૂપે શરૂ થયો. જેના પર અષ્ટમંગલ આલેખાતા. ★

અષ્ટમંગલ આલેખવામાં વાર લાગે, બધાને ફાવે નહિ, એ માટે અષ્ટમંગલના તૈયાર આકાર કોતરેલા પાટલા વિધિવિધાનમાં અમલમાં આવ્યા.

નિત્ય દૈનિકપૂજામાં જિનપ્રતિમા સમક્ષ અક્ષતથી અષ્ટમંગલ આલેખાતા. એમાં બધાને ફાવે નહિ, વાર લાગે એ માટે અષ્ટમંગલના આકાર કોતરેલા તૈયાર પાટલાઓ જિનપૂજાની સામગ્રીરૂપે આવ્યા. તેમાં અક્ષત ભરો એટલે અષ્ટમંગલ તૈયાર. જિનમંદિરોમાં અષ્ટમંગલ કોતરેલા પાટલા તૈયાર રહેતા. આજે પણ કેટલાક જૂના મંદિરોમાં ભંડારીયામાં એવો સચવાયેલ પાટલો જોવા મળી શકે.

રોજ પાટલા પર અષ્ટમંગલ આલેખવા કરતાં પંચધાતુની

★ આ આલેખાયેલા અષ્ટમંગલનું વિસર્જન કરવામાં જીવહિંસા આદિ કોઈ દોષ લાગતા નથી.

અષ્ટમંગલની પાટલી બનાવી પ્રભુ સમક્ષ રાખી દઈએ તો કેમ ? એવો વિચાર કો'ક ને જન્મ્યો હશે!-ને ધીરે ધીરે પાટલાઓ નીકળતા ગયા ને પાટલીનું ચલણ આજે પ્રાયઃ સર્વવ્યાપી બની ગયું. આ પાટલી પર કેશરથી અર્ચન કરવું શરૂ થયું.


આ રીતે પાટલી પ્રભુની આગળ રાખી તેને કેશર વડે અર્ચન કરવામાં, આલેખનનો ભાવ વિસરાઈ જાય છે અને પૂજનનો ભાવ ઊભો થાય છે. વાસ્તવમાં અષ્ટમંગલનું આલેખન જ હોય છે, પૂજન નહિ. એટલે કેટલાક જિનાલયોમાં ભંડાર પર જ્યાં દર્પણ, ચામર, ધૂપ-દીપ રખાય ત્યાં જ અષ્ટમંગલની પાટલી, જિનપૂજાના ઉપકરણ સ્વરૂપે જ રખાતી જોવાય છે એ પાટલી હાથમાં ધારણ કરી પ્રભુ સમક્ષ ઉભા રહી આલેખનનો ભાવ હૃદયમાં કેળવાય છે.

## અ-૭ અષ્ટમંગલ દર્શન-શ્રીસંઘનું મંગલ :

અષ્ટમંગલ એ આઠ શુભ માંગલિક આકારો છે. કોઈ પણ કાર્યના આરંભે, પ્રયાણ સમયે, નૂતનવર્ષના આરંભે કે શુભ પવિત્ર દિવસોમાં એનું દર્શન વિઘ્નનાશક અને કાર્યસાધક મનાય છે. સકળ શ્રી સંઘના આનંદ-મંગલ, ક્ષેમ-કુશળની ભાવનાથી જે-તે યોગ્ય સમયે સકળ શ્રી સંઘને તેનું દર્શન કરાવવું પણ ઉચિત જ છે.

આગમોમાં જ્યાં અષ્ટમંગલના વર્ણન કર્યા છે, ત્યાં કહ્યું છે કે- આ માંગલિક આકારોના દર્શનથી ચિત્તમાં સંતોષની ભાવના ઉત્પન્ન થાય છે. આ આકારો તે કોઈ સામાન્ય ચીલા-ચાલુ ન સમજવા. તે ઉદ્વેગ દૂર કરીને મનને શાંતિ અને પ્રસન્નતા આપનારા છે.

આ મંગલના દર્શન વારંવાર કરવા યોગ્ય છે. કારણ કે તે સમગ્ર જગતમાં વિશિષ્ટ અસાધારણ સ્વરૂપવાળા છે. દરેકને વારંવાર તે જોવાનું મન થાય એવા આ આકારો છે. નેગેટીવીટીને



હસ્તપ્રતોમાં અષ્ટમંગલ

કારણે મન અપ્રસન્ન કે ડીપ્રેશનમાં રહેતું હોય ત્યાં આ આકારોની શુભ પોઝીટીવીટી મનને સ્વસ્થતા આપનાર બને છે. જે તે કાર્યસિદ્ધિ માટે આ શુભ આકારો પોઝીટીવ ઊર્જા પૂરી પાડે છે. તે જ્યાં આલેખાયેલા, કોતરાયેલા, ચોંટાડાયેલા હોય ત્યાં વાતાવરણની નકારાત્મકતા દૂર કરી શુભત્વ વધારે છે.

## અ-૮ અષ્ટમંગલ ક્યાં ક્યાં કરી શકાય ?

જિનપ્રતિમાની જેમ ગુરુ સમક્ષ પણ, ગહુંલીમાં અષ્ટમંગલ પણ આલેખી શકાય છે.

પ્રતિષ્ઠા-પ્રભુપ્રવેશ, ઉપધાનમાળ, ચાતુર્માસ પ્રવેશના સામૈયા વગેરે અનેક પ્રસંગોની રથયાત્રામાં અષ્ટમંગલ રચના કરી શકાય છે.

ઉપાશ્રય, ઘર, વગેરે સ્થાનોની દ્વારશાખો પર અષ્ટમંગલ કરી શકાય છે. જિનાલયોની શિલ્પકલામાં દ્વારશાખ, છત વગેરે જે તે યોગ્ય સ્થાને અષ્ટમંગલના ઉત્કીરણ થઈ શકે છે.

## અ-૯ અષ્ટમંગલ સંદેશ

(૧) સ્વસ્તિક : સંસારની ચાર ગતિના સૂચક સ્વસ્તિકની ચાર પાંખડીઓ, ચાર પ્રકારના ધર્મની આરાધના દ્વારા જીવને સંસાર સાગરથી તરવાનો સંદેશ આપે છે.

(૨) શ્રીવત્સ : તીર્થંકરોના હૃદયમાં સ્થાન પામેલ શ્રીવત્સ, તેઓના હૃદયમાં રહેલ વિશ્વના સમસ્ત જીવો પ્રત્યેની નિષ્કામ કરૂણા-પ્રેમનું સૂચન કરે છે અને આપણા જીવનમાં પણ જીવો પ્રત્યેના દ્વેષભાવ આદિ દૂર કરીને સર્વ જીવો પ્રત્યે મૈત્રી કેળવવાનો ઉપદેશ આપે છે.

(૩) નંદ્યાવર્ત : મધ્યની ધરી દ્વારા ગોળ ગોળ ફરવાનો ભાવ ધરાવતો નંદ્યાવર્ત જીવને સતત આધ્યાત્મિક માર્ગે, આત્મોન્નતિના માર્ગે હિંમત હાર્યા વિના અને ધીરજ ખૂટાડ્યા વિના પ્રગતિશીલ-અગ્રેસર રહેવાનો સંદેશ આપે છે.

(૪) વર્ધમાનક : કોઈ પણ વસ્તુને નિયંત્રિત-અનુશાસિત કરતું સંપુટાકાર વર્ધમાનક, સતત ભમતા રહેતા મનને પરમાત્માના આલંબને ધ્યાન વગેરે સાધના દ્વારા સ્થિર કરવાનો સંદેશ આપે છે.

(૫) ભદ્રાસન : ઉત્તમ પુરૂષો ઉત્તમ આસન(પદ) પર બિરાજમાન થવા છતા'ય પોતાના પદનો દુરૂપયોગ કરતા નથી કે મનમાં અહંકારાદિ ભાવ ભાવતા નથી. એમ આપણે પણ પુણ્યસંયોગે પદ-પ્રતિષ્ઠા પ્રાપ્ત થવા છતાં તેનો દુરૂપયોગ ન કરવો તથા અહંકાર પણ ન કરવો એવો સંદેશ ભદ્રાસન આપે છે.

(૬) પૂર્ણ કળશ : મહામંગલકારી અને પૂર્ણતાનો સૂચક એવો મંગલકળશ, માંગલિક કાર્યો અધૂરા, અડધા-પડધા ન કરતાં પૂર્ણરૂપે કરવાનો સંદેશ આપે છે. મંગલકારી ધર્મની આરાધના દ્વારા પૂર્ણાનંદસ્વરૂપ મોક્ષ પ્રાપ્તિનો તે સૂચક છે.

(૭) મીનયુગલ : માછલી સાચા પ્રેમનું પ્રતિક છે, જે હૃદયને નિષ્છલ અને નિષ્કપટ બનાવવાની પ્રેરણા આપે છે. વળી, માછલી હંમેશ પ્રવાહથી વિરુદ્ધ ગતિ કરતી હોઈ, સંસારના પ્રવાહથી વિરુદ્ધ ગતિ કરવા દ્વારા અનાદિકાલીન કર્મયુક્ત આત્માને શુદ્ધ અને સિદ્ધ બનાવવાની પ્રેરણા આપે છે.

(૮) દર્પણ : આપણું હૃદય પણ દર્પણની જેમ સ્વચ્છ અને નિર્મળ બને, તેમાં પરમાત્માનો વાસ થાય એવી પ્રેરણા દર્પણ આપે છે. વળી, દર્પણ હંમેશા પ્રકાશનું જ પરાવર્તન કરે છે, અંધકારનું નહિ. એમ આપણું જીવન પણ બીજાના ઉપકારો અને સદ્ગુણોનું જ પરાવર્તન કરનાર હોય, અવગુણ-દોષોનું નહિ એવો સંદેશ દર્પણ આપે છે.

# ૧. સ્વસ્તિક

હે પ્રભુ ! આપનો જન્મ થતાં, ત્રણે'ય લોકમાં સ્વસ્તિ એટલે કે કલ્યાણ થાય છે, માટે જ તો આપની સમક્ષ સ્વસ્તિકનું આલેખન કરીએ છીએ.

## ૧.૧ અષ્ટમંગલનું સૌ પ્રથમ મંગલ છે સ્વસ્તિક.

તેનો આગમિક શબ્દ છે સોત્થિય કે સોવત્થિય. જે પરથી ગુજરાતીમાં સાથીયો શબ્દ પ્રચલિત થયો. ૭મા સુપાર્શ્વનાથ ભ.નું લાંછન પણ સ્વસ્તિક જ છે.
જે મંગલ-કલ્યાણ કરે તે સ્વસ્તિક.
જે પાપનો વિનાશ કરે તે સ્વસ્તિક.

જે પુણ્યનો વિસ્તાર કરે તે સ્વસ્તિક.
સ્વસ્તિકમાં માંગલિક્તા, સુખ, આનંદ, કલ્યાણ, સુરક્ષા અને વ્યાપકતાનો સુભગ સંગમ છે.

## ૧.૨ જનસામાન્યમાં સ્વસ્તિકનું પ્રચલન :

ધાર્મિક કે સામાજિક, કોઈ પણ માંગલિક અવસરે ઘર, મંદિર વગેરેના પ્રવેશદ્વાર ઉપર સ્વસ્તિક કરાય છે. ગૃહપ્રવેશના મંગલ અવસરે સાથીયો કરવા દ્વારા ઘરમાં યશ-કીર્તિ-ધન-સમૃદ્ધિની વૃદ્ધિ થશે એવો વિશ્વાસ વ્યક્ત કરાય છે.

ઘણા સ્થાને નિત્ય કે પર્વ દિવસે આંગણું સ્વચ્છ કરી ૩ કે ૫ સાથીયા કરવા દ્વારા મંગલ કરાય છે.

દીવાળીના ચોપડાપૂજનમાં સાથીયો કરીને મંગલ કરાય છે. નવી ગાડી કે નવું વાહન ખરીદ્યું હોય ત્યારે તેના પર મંગલભાવના વ્યક્ત કરવા સ્વરૂપ સાથીયા કરાય છે.

ઘરોમાં મંગલ પ્રસંગે 'સાથીયા પૂરાવો આજ... દીવડા પ્રગટાવો રે...' વગેરે ગીતો પણ સાથીયા પૂરવા દ્વારા આનંદ મંગલની અભિવ્યક્તિ દર્શાવે છે.

રોજ સવારે જિનાલયોમાં સ્નાત્રના ત્રિગડામાં ભગવાન પધરાવતા પૂર્વે પ્રથમ સાથીયો કરાય છે.

જીવન વ્યવહારની અનેક બાબતોમાં જાણતાં-અજાણતાં પણ સાથીયો અતિપ્રચલિત રહ્યો છે. મકાનોમાં ગેલેરી વગેરેની રેલીંગમાં, ઉંબરા પરના સ્ટીકરોમાં, હાથના બ્રેસલેટમાં, ગળાના પેંડલમાં, સાડીયો કે ચાદરની ડીઝાઈનમાં વગેરે જેવા અનેક સ્થાને સાથીયો છૂટથી વપરાયેલો જોવા મળશે.

## ૧.૩ સ્વસ્તિકના અનેક અર્થ :

સ્વસ્તિકના અનેક અર્થો અનેક રીતે ઘટાવાયા છે. તેના ચાર પાંખીયાને કોઈ પણ ચાર વસ્તુના પ્રતિનિધિ તરીકે ઘટાવી એમાંથી કોઈ પણ શાસ્ત્ર કે વ્યવહાર અબાધિત અર્થ વિચારી શકાય છે કે જે કોઈને કોઈ શુભ સંદેશ કે પ્રેરણા સૂચવતો હોય !

જૈન પરંપરામાં સ્વસ્તિકની ચાર પાંખડી એ ચાર ગતિનું સૂચન કરે છે. આ ચાર ગતિના ચકરાવામાંથી છૂટી ત્રણ રત્નો

(સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર)ની આરાધના કરી સિદ્ધશિલામાં આપણે સૌએ સ્થિર થવાનું છે, એવા ભાવ સાથે પૂજામાં અક્ષત વડે પ્રભુ સમક્ષ સ્વસ્તિક, ૩ ઢગલી અને સિદ્ધશિલા આલેખાય છે. વળી, સ્વસ્તિકના ચાર પાંખીયા એ દાન, શીયલ, તપ અને ભાવ, એ ચાર પ્રકારના ધર્મનું પણ સૂચન કરે છે.

વૈદિક પરંપરામાં સ્વસ્તિક તે ચાર પુરુષાર્થ, ચાર વેદ, ચાર યુગ તેમજ ચાર આશ્રમના પ્રતિકરૂપે પણ મનાયો છે.

વાસ્તુશાસ્ત્ર અનુસાર સ્વસ્તિકની મુખ્ય ચાર લીટી એ ચાર દિશા અને તેના ચાર પાંખીયા એ ચાર વિદિશા જણાવે છે.

## ૧.૪ અત્યંત ઊર્જાસભર સ્વસ્તિક:

દરેક વ્યક્તિ કે પદાર્થની જેમ દરેક આકારની પણ પોતાની ઊર્જા હોય છે. પૂર્ણ આકાર-પ્રમાણ સહિતના સ્વસ્તિકમાં લગભગ ૧ લાખ બોવીસ જેટલી શુભ પોઝીટીવ ઊર્જા હોય છે. વાસ્તુશાસ્ત્રીઓ સ્વસ્તિકના પ્રયોગ દ્વારા અનેક સકારાત્મક આશ્ચર્યકારક પરિણામો મેળવતા હોય છે.


## ૧.૫ અક્ષત વડે સ્વસ્તિક (તથા અન્ય) મંગલ આલેખન :

અક્ષત (ચોખા) વડે આલેખન કરવાના ૩ કારણ :

(૧)અક્ષત ઉજ્જ્વળ વર્ણનું ધાન્ય છે, જે દ્વારા આત્માને પોતાની કર્મરહિત ઉજ્જ્વળ અવસ્થાનો ખ્યાલ આવે.

(૨) અક્ષત તે સર્વત્ર દેશ-કાળમાં સુલભ દ્રવ્ય છે.

(૩)અક્ષત એક એવું ધાન્ય છે કે જે વાવવા છતાં ફરી ઊગતું નથી. પ્રભુ સમક્ષ સ્વસ્તિક (અને અન્ય) આલેખન કરતાં, ફરી સંસારમાં જન્મ-મરણ ન કરવા પડે એવો ભાવ અક્ષત વડે વ્યક્ત થાય છે.



**૯૦૦ વર્ષ પ્રાચીન કુંભારીયાના જિનાલયના ભોંયતળિયે સ્વસ્તિકનું અદ્‌ભુત શિલ્પ**

# ૨. શ્રીવત્સ

હે પ્રભુ! આપના હૃદયમાં રહેલ પરમ(કેવલ) જ્ઞાન જ જાણે શ્રીવત્સના બહાને બહાર પ્રકટ થયું છે... તેને મારા લાખ લાખ વંદન !!!

## ૨.૧ અષ્ટમંગલનું બીજું મંગલ તે શ્રીવત્સ.

૧૦મા શીતલનાથ ભગવાનનું લાંછન પણ શ્રીવત્સ જ છે.

જિનપ્રતિમાની છાતીમાં વચ્ચે જે ઉપસેલો ભાગ દેખાય છે તે શ્રીવત્સ. શાશ્વત જિનપ્રતિમાઓના આગમિક વર્ણનમાં પણ છાતીમાં શ્રીવત્સ હોવાનું કહ્યું છે. તીર્થંકરોની છાતીના મધ્ય-ભાગમાં વાળનો ગુચ્છો એક વિશિષ્ટ આકાર ધારણ કરે છે, તેને શ્રીવત્સ કહે છે. તદુપરાંત, ચક્રવર્તીઓ અને વાસુદેવોને પણ છાતીમાં શ્રીવત્સ હોય છે.

**'श्रिया युक्तो वत्सो वक्षोऽनेन श्रीवत्सः-रोमावर्तविशेषः।'**
(અભિધાન ચિંતામણિ ૨/૧૩૬)

આપણી પરંપરામાં શ્રીવત્સના બે સ્વરૂપો પ્રચલિત થયા છે. પ્રથમ સ્વરૂપ વિક્રમની ૫મી કે ૯મી સદી સુધી પ્રચલનમાં હતું, જેને આપણે પ્રાચીન શ્રીવત્સ કહીશું. ત્યારબાદ પ્રચલિત થયેલ શ્રીવત્સને અર્વાચીન શ્રીવત્સ કહીશું.

## ૨.૨ પ્રાચીન શ્રીવત્સ :

### અર્થ અને આકાર :

શ્રી એટલે લક્ષ્મી. શ્રીવત્સ એટલે લક્ષ્મી દેવીનો કૃપાપાત્ર પુત્ર. આ શ્રીવત્સ એ ઐશ્વર્ય, વિભૂતિ, શોભા, સંપન્નતા, સંપત્તિ, સમૃદ્ધિ, સુખ, સર્જન, આદિનું પ્રતીક છે. પ્રાચીન શ્રીવત્સની આકૃતિ, પુરુષની આકૃતિને મળતી આવે છે. પલાંઠીવાળીને બેઠેલો કોઈ પુરુષ, પોતાના બે હાથો વડે ગળા અથવા ખભાને સ્પર્શ કરતો હોય એ સ્વરૂપનું શ્રીવત્સ પ્રાચીન મૂર્તિઓમાં જણાય છે. અલબત્ત, તે આકૃતિમાં પણ કાળક્રમે સામાન્ય સામાન્ય ફેરફાર થયા છે.કાળાન્તરે તે સામસામે ફેણ ઉઠાવેલ નાગના મિથુન યુગલ સ્વરૂપે પણ થયો. મથુરાનું શ્રીવત્સ વળી વિશેષ સ્વરૂપે પણ જોવાય છે.



લખનઉ સંગ્રહાલયની
૨૦૦૦ વર્ષ પ્રાચીન
શ્રીવત્સયુક્ત મથુરા પ્રાપ્ત
જિનપ્રતિમા

પ્રાચીન શ્રીવત્સયુક્ત
ઘણી બધી જિનપ્રતિમાઓ
મથુરાથી પ્રાપ્ત થઈ છે.


## ૨.૩ પ્રાચીન જિનપ્રતિમા તથા શિલ્પકલામાં શ્રીવત્સ :

પ્રાચીનકાળથી જિનમૂર્તિ વિધાનમાં છાતીએ શ્રીવત્સ કરવાના શાસ્ત્રપાઠો-આગમના ઉલ્લેખો છે. મથુરાના ખોદકામમાંથી સેંકડો જૈન સ્તૂપના પુરાવશેષો મળ્યા છે. જેમાં ૩૧ જેવી જિનપ્રતિમાઓ તથા આયાગપટ્ટો પ્રાપ્ત થયા છે. અહીંની ઘણી બધી જિન પ્રતિમાઓના વક્ષસ્થળ પર પ્રાચીન શ્રીવત્સ જોઈ શકાય છે. શ્રીવત્સનું સૌથી પ્રાચીન સ્વરૂપ મથુરાની જિનપ્રતિમાઓ તથા આયાગપટ્ટોમાં જોવા મળે છે. આયાગપટ્ટોમાં જ્યાં અષ્ટમંગલનું આલેખન છે ત્યાં શ્રીવત્સનું સ્પષ્ટ સુંદર સ્વરૂપ જોઈ શકાય છે.

વસંતગઢ શૈલીની ૮ થી ૧૦મી સદીની કેટલીક જિનપ્રતિમાઓમાં પણ પ્રાચીન સ્વરૂપના શ્રીવત્સ થતાં. એવી પ્રતિમા રાજસ્થાનના પીંડવાડા ગામે જોવા મળે છે.

ઉપરાંત, મહામેઘવાહન રાજા ખારવેલના હાથીગુફાના જૈનશિલાલેખમાં તેમજ પ્રાચીન પગલાઓમાં પણ પ્રાચીન શ્રીવત્સના ઘણા ઉદાહરણો જોવા મળે છે.

## ૨.૪ અર્વાચીન શ્રીવત્સ :



પમી સદીથી લઈને જિનપ્રતિમાના વક્ષસ્થળે અસમકોણ ચતુર્ભુજ કે સાદી ભાષામાં સક્કરપારા ◆ જેવા આકારના શ્રીવત્સ જોવાય છે. કયા કારણસર અચાનક આ સ્વરૂપ બદલાઈ ગયું તે સંશોધનનો વિષય છે. પણ ત્યારથી માંડીને આજ સુધી અર્વાચીન શ્રીવત્સ થતા આવ્યા છે. વળી, તેના સ્વરૂપમાં પણ સામાન્ય ફેરફાર થતો આવ્યો છે.

છઠ્ઠીથી દશમી સદી સુધીની પ્રતિમાઓમાં છાતીના ભાગે સહેજ ઘસરકો આપી શ્રીવત્સ ઉપસાવાતું હતું. ૩૧'' લગભગની પ્રતિમા માટે વિચારીએ તો ૧૧ થી ૧૩મી સદીમાં સામાન્ય ૨-૩ દોરા ઉપસાવેલ શ્રીવત્સ જોવાય છે. આ સમયમાં શિલ્પીઓએ તેને અલંકૃત બનાવ્યો. તેમાં કમલપત્ર ને પરાગપુષ્પ કે મણકાઓની આકૃતિ પણ થતી.

૧૫-૧૬મી સદીમાં અને તે પછીના કાળે બનેલ પ્રતિમાઓમાં શ્રીવત્સ એક-સવા ઈંચ જેવું ઘણું મોટું ઉપસાવવાનું શરૂ થયું. પણ વાસ્તવમાં તેનો આટલો બધો ઉભાર વિચારણીય ગણાય. આપણે ત્યાં તો એના પર ચાંદીનું પતરું ચઢાવી તેને વધુ ઉપસાવી દેવાય છે, જે કેટલું ઉચિત છે, તે વિદ્વાનો વિચારશો.

હાલ બનેલી જિનપ્રતિમાઓમાં તથા અષ્ટમંગલની પાટલીઓમાં અર્વાચીન શ્રીવત્સ જોવાય છે.

## ૨.૫ શ્રીવત્સ માન્યતા :

શ્રી શ્વે.મૂ.પૂ. જૈન સંઘમાં જિનપ્રતિમાઓના દૃષ્ટાંતો અને શાસ્ત્રપાઠોને આધારે પ્રાચીન-અર્વાચીન, બંને પ્રકારના શ્રીવત્સ માન્ય છે. અષ્ટમંગલ માહાત્મ્ય ગ્રંથમાં આ સંબંધે અનેક ફોટોગ્રાફ્સ સહિત વિસ્તારથી વિચારણા કરેલ છે. જેને જે સ્વરૂપ કરવું હોય તે, તે કરી શકે છે.

* * *

દિવાળીના ચોપડાપૂજનમાં 'સ્વસ્તિશ્રી' લખવાની પરંપરા જે છે, તે પ્રથમના બે મંગલ સ્વસ્તિક અને શ્રીવત્સની સૂચક છે. સ્વસ્તિ એ સર્વત્ર મંગલનું અને શ્રી એ સુખ-સમૃદ્ધિનું પ્રતીક છે.

# ૩. નંદ્યાવર્ત

હે પ્રભુ ! આપની ભક્તિના પ્રભાવે, ભક્તના જીવનમાં સર્વ પ્રકારે સુખ-સમૃદ્ધિના આવર્તો રચાય છે, એવું સૂચવતો નંદ્યાવર્ત સહુને સુખકારક થાઓ.

## ૩.૧ અષ્ટમંગલમાંનું ત્રીજું મંગલ છે નંદ્યાવર્ત અથવા નંદાવર્ત.

નંદિ + આવર્ત = નંદ્યાવર્ત, નંદ + આવર્ત = નંદાવર્ત.

નંદિ અથવા નંદ એટલે આનંદ, સુખ, પ્રસન્નતા. આવર્ત એટલે વળાંક, વમળ, વર્તુળ, ફરીથી આવવું-બનવું.

**'नन्दिजनको आवर्तो यत्र-नंद्यावर्तः ।**

જેમાં આનંદ-કલ્યાણના આવર્તો છે તે નંદ્યાવર્ત.

જે દ્વારા જીવનમાં દુઃખના ઘેરાવામાંથી બહાર નીકળી સુખનું આવર્તન રચાય તે નંદ્યાવર્ત.

જે દ્વારા સીમાતીત આનંદની પ્રાપ્તિ થાય તે નંદ્યાવર્ત.

૧૮મા અરનાથ ભગવાનનું લાંછન છે નંદ્યાવર્ત.

અંજનશલાકા-પ્રાણપ્રતિષ્ઠાવિધાનનું સૌથી પ્રાચીન-પ્રભાવક-મહત્ત્વના પૂજનનું નામ છે નંદ્યાવર્ત.

આંગળીના વેઢા પર નંદ્યાવર્ત આકારે જાપ પણ કરાય છે.

આપણે ત્યાં નંદ્યાવર્તના પણ બે સ્વરૂપો પ્રચલિત છે.

૧૧મી સદી પછીથી નંદ્યાવર્તનું અર્વાચીન સ્વરૂપ જોવાય છે. એ પૂર્વે પ્રાચીન નંદ્યાવર્ત પ્રચલિત હતો.

## ૩.૨ અર્વાચીન નંદ્યાવર્ત :



સ્વસ્તિકનું જ એક વિશેષ વિકસિત સ્વરૂપ કે જેમાં નવ ખૂણાની સંકલ્પના છે, તે અર્વાચીન નંદ્યાવર્ત. આબુ-દેલવાડા તથા કુંભારીયાના મંદિરોમાં તે સૌ પ્રથમ જોવાય છે. ૧૮-૧૯મી સદીના મંદિરોમાં રંગમંડપમાં

ભોંયતળીયે ફ્લોરીંગમાં ઘણું કરીને મધ્યમાં અર્વાચીન નંદ્યાવર્ત કરેલો જોવાય છે. ઉદા. અમદાવાદનું શેઠ હઠીસિંહનું દેરાસર.

નંદ્યાવર્તના નવ ખૂણાને નવનિધિના પ્રતીક માન્યા છે. નંદ્યાવર્તમાં સ્વસ્તિકની ચાર બાજુઓ વળાંકો લેતી બહાર નીકળે છે. ચાર ગતિરૂપ સંસાર વમળોથી ભરેલો છે. એમાંથી પ્રચંડ પુરુષાર્થ દ્વારા બહાર નીકળવાનો સંદેશ નંદ્યાવર્ત આપે છે.

## ૩.૩ પ્રાચીન નંદ્યાવર્ત :

**'નંદ્યાવર્તો મહામત્સ્યઃ'**-એમ કહેવા દ્વારા કોશગ્રંથોમાં નંદ્યાવર્તને મહામત્સ્યની ઉપમા આપી છે. પ્રાચીન નંદ્યાવર્તની ચારે'ય ભુજાઓ-બાજુઓ માછલીના ઉત્તરાંગ અર્થાત્ મુખની પાછળના ભાગ જેવી બતાવેલી હોઈ પ્રાચીન નંદ્યાવર્તને આ ઉપમા સાર્થક ઠરે છે.

કોશકારો નંદ્યાવર્તને જલચર મહામત્સ્ય કે અષ્ટાપદ કે કરોળીયા કે પછી 'તગર'ના ફૂલની આકૃતિસમાન ગણે છે. 'અષ્ટાપદ' નામના પ્રાણીના પાદ (પગ) કે પાંખડીઓ વળેલી હોઈ, તે ઉપમાનને આધારે પ્રાચીન નંદ્યાવર્તના સ્વરૂપનો નિર્ણય કરી શકાય છે. પ્રાચીન સાહિત્યિક ઉદ્ધરણોને આધારે નંદ્યાવર્તનું પ્રાચીન સ્વરૂપ અમે દર્શાવેલ છે.

મથુરાના કંકાલી ટીલાના ખોદકામથી પ્રાપ્ત જૈન આયાગપટ્ટોમાં તથા અન્યત્ર પણ પ્રાચીનમાં જ્યાં અષ્ટમંગલ ઉકેરાયા છે તેમાં પ્રાચીન નંદ્યાવર્ત જોવાય છે. મથુરાના આયાગપટ્ટમાં નંદ્યાવર્તના પ્રાચીન સ્વરૂપનું સ્પષ્ટ અને સુંદર સ્વરૂપ જોવા મળે છે, જેનું ચિત્ર ઉપર દર્શાવેલ છે.



૨૦૦૦ વર્ષ
પ્રાચીન નંદ્યાવર્ત
આયાગપટ્ટ

## ૩.૪ નંદ્યાવર્ત માન્યતા:


શ્રી શ્વે.મૂ.પૂ.જૈન સંઘમાં પ્રાચીન સાહિત્યના શાસ્ત્રપાઠો અને શિલ્પકલા સંદર્ભે પ્રાચીન-અર્વાચીન, બંને પ્રકારના નંદ્યાવર્ત માન્ય છે. અષ્ટમંગલ માહાત્મ્ય (સર્વસંગ્રહ) ગ્રંથમાં આ સંબંધે ફોટોગ્રાફ્સ સહિત વિસ્તારથી વિચારણા કરી છે. જેને જે સ્વરૂપ કરવું હોય તે, તે કરી શકે છે.

# ૪. વર્ધમાનક

હે પ્રભુ ! ઊર્ધ્વાધઃ બંને દિશામાં ઉપરથી વધીને નીચે આવતો અને નીચેથી વધીને ઉપર તરફ જતો વર્ધમાનક સૂચવે છે કે જીવોને જગતમાં આપની કૃપાથી જ પુણ્ય, યશ, અધિકાર, સૌભાગ્ય આદિ વધતા રહે છે.

## ૪.૧ અષ્ટમંગલમાંનું ચોથું મંગલ તે વર્ધમાનક.

**'वर्धते इति वर्धमानकः ।**



જે દશે દિશામાં વૃદ્ધિ પામે તે વર્ધમાનક.

જે વૃદ્ધિ કરે, સમૃદ્ધિ કરે તે વર્ધમાનક.

વર્ધમાનક એટલે શરાવસંપુટ. માટીના એક કોડીયા પર બીજું કોડિયું એથી ઉલટું રાખતા શરાવસંપુટ બને છે. જેમાં નીચેના કોડિયામાં રાખેલ વસ્તુ સુરક્ષિત બને છે.

દેવલોકના સિદ્ધાયતનોમાં શાશ્વત જિનપ્રતિમાની આગળ કાયમ રહેલ જિનપૂજાના ઉપકરણોમાં વર્ધમાનક પણ હોય છે. પૂજા સંબંધિત સુગંધિ ચૂર્ણ વગેરે દ્રવ્ય રાખવામાં તેનો ઉપયોગ થાય છે.

## ૪.૨ વ્યવહારમાં વર્ધમાનક :

ઉપર અને નીચેના કોડિયા ખસી ન જાય, એ માટે તેને નાડાછડીથી બાંધી ઉપયોગમાં લેવાય છે.

જિનબિંબના જિનાલય કે ગૃહમધ્યે પ્રવેશમાં, દીક્ષાર્થીના ગૃહત્યાગમાં, નવવધૂના ગૃહપ્રવેશમાં શરાવસંપુટને ઉંબરા પર રાખી તેને તોડીને પ્રવેશ કરવામાં આવે છે. અંજનશલાકા વિધાનમાં પણ શરાવસંપુટનો ઉપયોગ થાય છે.

# ૫. ભદ્રાસન

હે પ્રભુ ! દેવ-દેવેન્દ્રો વડે પૂજાયેલા અને અચિંત્યશક્તિ-પ્રભાવ સંપન્ન આપના ચરણોની અત્યંત નિકટ રહેલું ભદ્રાસન, આપના ગુણોના આલંબને સર્વનું કલ્યાણ કરનારું હોઈ, આપની આગળ આલેખીએ છીએ.

## ૫.૧ અષ્ટમંગલમાંનું પાંચમું મંગલ તે ભદ્રાસન.

ભદ્ર એટલે કલ્યાણકર, મનોહર, જોતાં જ ગમી જાય એવું સુંદર; આસન એટલે બેસવાનું સ્થાન-પીઠિકા. શ્રેષ્ઠ સુખકારક સિંહાસનને ભદ્રાસન કહે છે.

**'भद्राय लोकहिताय आसनम् - भद्रासनम् ।**

લોકકલ્યાણ માટે બનાવાયેલ રાજાનું આસન તે ભદ્રાસન.

તીર્થંકર ભગવંતોના અષ્ટપ્રાતિહાર્યમાં પણ સિંહાસનની ગણના છે. દિગંબર મત પ્રમાણે તીર્થંકરોની માતાને આવતા ૧૬ સ્વપ્નોમાં એક સ્વપ્ન સિંહાસન છે. આ સિંહાસન ચોરસ કે લંબચોરસ જ બનાવવું, ગોળ કે અષ્ટકોણ બનાવાય નહિ.

ઘણા જિનાલયોમાં ધાતુપ્રતિમાને પ્રક્ષાલ આદિ માટે જે નાના અલંકૃત બાજોઠ જોવાય છે, તેને ભદ્રાસન કહી શકાય. તેને છત્ર પણ કરી શકાય.

આગમોમાં અનેક સ્થાને વિશિષ્ટ સુંદર રચનાવાળા ભદ્રાસનોનું વર્ણન કરવામાં આવેલ છે. પરમપવિત્ર શ્રી કલ્પસૂત્રમાં સ્વપ્ન-લક્ષણપાઠકો ફળાદેશ કહેવા રાજસભામાં પધારે છે, ત્યારે સિદ્ધાર્થ રાજા ત્રિશલાદેવી માટે સુંદર ભદ્રાસનો ત્યાં મૂકાવે છે એનું વર્ણન છે. એમ ચોથા લક્ષ્મીદેવીના સ્વપ્નમાં પણ સેંકડો ભદ્રાસનોની વાત આવે છે.



ભદ્રાસન એ પ્રભુત્વ જણાવનાર છે.

# ૬. પૂર્ણ કળશ

હે પ્રભુ ! ત્રણે'ય ભુવનમાં અને સ્વકુળમાં પણ આપ પૂર્ણકળશ સમાન ઉત્તમોત્તમ છો, તેથી આપની આગળ પૂર્ણકળશ આલેખાય છે.

## ૬.૧ અષ્ટમંગલમાંનું છઠ્ઠું મંગલ છે કળશ.

પ્રભુની માતાને આવતા ૧૪ સ્વપ્નમાં ૯ મું સ્વપ્ન પણ પૂર્ણકળશ છે. તથા ૧૯માં મલ્લિનાથ ભગવાનનું લાંછન પણ કળશ-કુંભ જ છે.

શુદ્ધ નિર્મળ જળ ભરેલ પૂર્ણકળશ વિશેષથી માંગલિક ગણ્યો છે. જળ સાથે એનું સાહચર્ય હોઈ આ મંગલ જળતત્વ સંબંધિત પણ કહી શકાય. પ્રત્યેક ધર્મ-સંપ્રદાયમાં દેવસ્નાન માટે પૂજાની સામગ્રીમાં કળશ અવશ્યપણે હશે જ. અનેક મંગલવિધિઓનો પ્રારંભ જળભૃત્ -કળશથી થાય છે. જળપૂર્ણ કળશમાં લક્ષ્મીનો વાસ મનાયો છે.

જેની હીરા-રત્નજડિત કમલાકાર બેઠક-ઈંઢોણી હોય, પેટના ભાગે વિવિધ માંગલિક ચિહ્નો-આકૃતિઓ કરેલ હોય, કંઠે પુષ્પમાળા આરોપિત હોય, આસોપાલવના ૫ કે ૭ પાંદડા મૂકી તે પર શ્રીફળ સ્થાપિત હોય તેવો શુદ્ધ નિર્મળ જળથી ભરેલો, સોના-ચાંદી-તાંબા કે માટીનો કળશ કે તેની આકૃતિ, એ પૂર્ણ કળશ છે તેમ જાણવું.

## ૬.૨ વિવિધ શાસ્ત્રોમાં મંગલ કળશ :

અનેક જૈનાગમોમાં રાજ્યાભિષેક કે દીક્ષા સમયે સ્નાન અવસરે સુવર્ણ, ચાંદી આદિ અનેક પ્રકારના માંગલિક કળશોનો ઉલ્લેખ જોવા મળે છે.

શ્રી તીર્થંકરદેવોના જન્મકલ્યાણક ઉત્સવે દેવતાઓ સોનું વગેરે આઠ જાતિના પ્રત્યેકના હજાર કળશો વડે કુલ ૧ક્રોડ, ૬૦ લાખ વખત બાળ પ્રભુનો અભિષેક કરે છે. આ કળશોના યોજનના માપ આપણને આશ્ચર્ય પમાડે એવા છે.

શાંતિસ્નાત્ર કે અંજનશલાકા જેવા મહત્વના વિધાનોમાં સૌ પ્રથમની વિધિ કુંભસ્થાપના જ હોય છે.

## ૬.૩ શિલ્પકલામાં કળશ :

જિનાલયોમાં પરિકરમાં જિનપ્રતિમાના છત્રની ઉપર જન્મકલ્યાણકનું શિલ્પ થાય છે, જેમાં હાથમાં કળશ ધારણ કરેલ દેવ હોય છે.


હસ્તપ્રતોમાં કળશ

મંદિરમાં શિખરની ટોચે આમલસારાની ઉપર મંગલકળશ સ્થપાય છે.

કેટલાક શિખરોની રચનામાં શિખરના ચાર ખૂણે ઉભી લાઈનમાં ક્રમસર કળશનું શિલ્પ કરાય છે, જેને 'ઘટપલ્લવ' કહે છે. મંદિરના સ્તંભોમાં પણ આ રચના થાય છે.

## ૬.૪ કળશના પ્રતીકાર્થ :

(૧) કળશ એ પૂર્ણતાનું પ્રતીક છે.

જિનાલય નિર્માણમાં અંતે પૂર્ણાહુતિ સ્વરૂપે શિખર પર કળશ (ઈંડુ) ચડાવાય છે.

હસ્તપ્રતોમાં ગ્રંથ પૂરો થતાં લહીયાઓ અંતે કળશ દોરતા.

શ્રીપાળ રાજાનો રાસ, સ્નાત્રપૂજા વગેરે અનેક રચનાઓમાં પૂર્ણાહુતિ થતા, અંતે 'કળશ' સ્વરૂપે પદ્યરચના હોય છે, જે આનંદની અભિવ્યક્તિ છે.

(૨)આનંદઘનજી, ચિદાનંદજી વગેરે અનેક યોગીપુરુષોએ માનવદેહને ઘટ (કળશ)ની ઉપમા આપી છે.

(૩)શીતળતા, પવિત્રતા અને શાંતિ પ્રદાન, આ બધા જળના ગુણધર્મો છે. જળપૂર્ણ કળશના ધ્યાનથી આત્માને આ ગુણોની પ્રાપ્તિ સહજ બને છે.

મંત્ર અનુષ્ઠાનમાં ષટ્કર્મમાં પહેલા શાંતિક કર્મમાં કુંભસ્થાપનાદિનો સમાવેશ થાય છે.

# ૭. મત્સ્ય

હે પ્રભુ ! આપે કામદેવ પર સંપૂર્ણ વિજય પ્રાપ્ત કર્યો હોઈ તેણે પોતાનો ધ્વજ આપના ચરણોમાં મૂકી દીધો. એ ધ્વજમાં મત્સ્યનું ચિહ્ન હતું, તેથી પ્રભુ ! આપની સમક્ષ મત્સ્યમંગલ આલેખું છું.

## ૭.૧ અષ્ટમંગલમાંનું સાતમું મંગલ છે મત્સ્ય-મીન-માછલી.

જ્યાં જ્યાં આ મંગલના આલેખન થયા છે ત્યાં બે માછલી સમૂહમાં જ થઈ છે. તેથી આ મંગલને મીનયુગલ કે મીનમિથુન પણ કહે છે.

**माद्यन्ति लोकोऽनेनेति मत्स्यः ।**


જેનાથી લોક પ્રસન્ન થાય તે મત્સ્ય.

મીનયુગલ સુખ અને આનંદનું પ્રતીક ગણાય છે. દિગંબર મત પ્રમાણે તીર્થંકરોની માતાને આવતા ૧૬ સ્વપ્નોમાં એક સ્વપ્ન મીનયુગલનું પણ છે.

બે માછલીઓ પરસ્પર સન્મુખ હોય તેમજ પરસ્પર વિમુખ હોય એ બંને સ્વરૂપે જોવાય છે.

## ૭.૨ મીનમંગલ વિશેષ :

જ્યોતિષની ૧૨ રાશિઓમાં ૧૨મી રાશિ મીન છે. સામુદ્રિક શાસ્ત્ર પ્રમાણે હાથના કે પગના તળીયામાં મત્સ્યનું ચિહ્ન શુભ મનાય છે.



યાત્રાના આરંભે મીનયુગલનું દર્શન શુભ શુકનરૂપ ગણાય છે.

મીન એ સાચા પ્રેમનું પ્રતીક છે. જળ અને મીનનો સાચો પ્રેમ લોકસાહિત્યમાં વખણાયેલો છે.

માછલી હંમેશા જળપ્રવાહથી વિપરીત દિશામાં ગતિ કરે છે. એથી જ જાપાનમાં પ્રગતિના પ્રતીક અને આદર્શરૂપે માછલીનું ચિહ્ન દ્વાર પર લટકાવાય છે.,

# ૮. દર્પણ

હે પ્રભુ ! દર્પણમાં ઝીલાતું આપનું પ્રતિબિંબ મને પણ મારું, આપના જેવું જ સ્વરૂપ યાદ કરાવે એવા ભાવથી આપની સમક્ષ દર્પણ આલેખી ધન્ય બનું છું.

## ૮.૧ અષ્ટમંગલમાંનું છેલ્લું અને આઠમું મંગલ છે દર્પણ.

**दर्पं नाशयति इति दर्पणः ।**

જે અહંકાર-પાપરૂપ 'દર્પ'નો નાશ કરે તે દર્પણ.

શાસ્ત્રોમાં દર્પણને આયુષ્ય, લક્ષ્મી, યશ, શોભા અને સમૃદ્ધિનો કારક કહ્યો છે.

દર્પણ નિર્મળ જ્ઞાનના પ્રતીકરૂપ હોઈ આત્મજ્ઞાનનું પણ સૂચક છે.

દેવલોકમાં શાશ્વતજિનપ્રતિમા સમક્ષ રાખવામાં આવેલ પૂજાની સામગ્રીમાં દર્પણ પણ હોય છે. પ્રત્યેક જિનાલયોમાં દર્પણ પૂજાના ઉપકરણરૂપે દર્પણ અવશ્ય જોવા મળશે. શ્રી તીર્થંકરદેવોના જન્મ સમયે ૫૬ દિક્કુમારીકાઓના સૂતિકર્મમાં ૮ દિક્કુમારીકાઓ પ્રભુ અને માતા સમક્ષ મંગલ દર્પણ લઈ ઊભી રહે છે.

## ૮.૨ દર્પણ દર્શન પ્રભાવ :

દર્પણદર્શન શુભ શુકનરૂપ હોઈ, દર્પણ જોઈને યાત્રાની શરૂઆત કરવી મંગલદાયક મનાઈ છે.

જિનાલયોમાં જ્યાં મૂળનાયક પરમાત્માને દષ્ટિરોધ થતો હોય, તે દૂર કરવા માટે પણ દષ્ટિની સામે દર્પણ મૂકાય છે.



૧૮ અભિષેક વિધાનમાં ૧૫માં અભિષેક બાદ જિનબિંબોને દર્પણદર્શન કરાવવાનું વિધાન પ્રાચીન પ્રતિષ્ઠાકલ્પોમાં જણાવેલ છે. વર્તમાનમાં થતા ૧૮ અભિષેકમાં પણ ચંદ્ર-સૂર્યના દર્શન બાદ દર્પણદર્શન પણ કરાવવાનું હોય છે. દર્પણદર્શન દ્વારા, નેગેટીવ ઊર્જા દૂર કરવાનું પ્રયોજન ૧૮ અભિષેક વિધાનમાં છે.

# સર્વ સાધારણ દ્રવ્ય વૃદ્ધિસ્થાન માર્ગદર્શન

સર્વ સાધારણદ્રવ્યની વૃદ્ધિના કર્તવ્ય અંગે, આપનાશ્રી સંઘમાં, અનુકુળતાનુસાર, નીચે પ્રમાણેના ચડાવા-ઉછામણી કરી શકાય તથા તેની આવકમાંથી જીવદયા-અનુકંપા સિવાયના સર્વ ખર્ચ નીકળી શકે.

## (A) પર્યુષણા પર્વમાં બોલાતા/બોલાવી શકાય એવા ચડાવા

૧. આઠ અષ્ટમંગલના પૂજ્ય અને ભાવમંગલરૂપ સકળશ્રી સંઘને દર્શન કરાવવાના ૮ ચડાવા. (એ જ રીતે, સકળશ્રી સંઘને દર્શનાર્થે અષ્ટમંગલ અર્પણ કરવાના પણ ૮ ચડાવા કરી શકાય.)

૨. ધ્રુવસેન રાજા બની કલ્પસૂત્ર સાંભળવાનો ચડાવો.

૩. સંવત્સરીના દિવસે વ્યાખ્યાન બાદ સકળશ્રી સંઘને સૌપ્રથમ મિચ્છામિ દુક્કડમ્ દેવાનો ચડાવો.

૪. ૧ વર્ષ માટે સંઘશ્રેષ્ઠિ / સંઘમોભી બનવાનો ચડાવો. (ચડાવો લેનારનું ૧ વર્ષ માટે પેઢી પર (કે જે તે યોગ્ય સ્થાને) નામ આવે, આખું વર્ષ શ્રી સંઘ વતી બહુમાન તેઓ કરે... વગેરે જેવું વિચારાય)

૫. બાર માસના ૧૨ અથવા ૧૫ દિવસના ૧ એમ ૨૪ સર્વ સાધારણના ચડાવા.

૬. પૂર્વના પ્રભાવક રાજા-મંત્રીઓ-શ્રેષ્ઠિઓ જેવા કે કુમારપાળ, વસ્તુપાળ, તેજપાળ, જગડુશા વગેરેના સ્ટેચ્યુ બનાવી તેઓનું બહુમાન કરવાનો ચડાવો.

૭. જન્મવાંચનના દિવસે

**a.** શ્રી સંઘના મહેતાજી બનવાનો ચડાવો.
**b.** શ્રી સંઘને ગુલાબજળથી અમીછાંટણા કરવાનો ચડાવો.

**c.** જાજમ પાથરવાનો ચડાવો.

**d.** કોઈ પણ ચડાવો લેનારનું બહુમાન-તિલક કરવાનો ચડાવો.

**e.** શ્રી સંઘને કલ્પવૃક્ષના દર્શન કરાવવાનો ચડાવો.

**f.** શાલિભદ્ર મંજૂષા (પેટી) (૩,૯,૧૧... પેટી ઉતારવાના ચડાવા)(પેટી લાભાર્થી ઘરે લઈ જાય છે.)

**(B) બેસતા વર્ષના દિવસે બોલાવી શકાય એવા ચડાવા :**

૧. શ્રી સંઘને સૌપ્રથમ નૂતન વર્ષાભિનંદન કહેવાનો ચડાવો.

૨. શ્રી સંઘની પેઢી સૌપ્રથમ ખોલવાનો ચડાવો.

૩. શ્રી સંઘમાં સૌથી પહેલી પહોંચ ફડાવવાનો ચડાવો.

૪. ઉપાશ્રયને કે ઘરે-ઘરે આસોપાલવના તોરણ બાંધવાનો ચડાવો.

૫. સકળશ્રી સંઘ પર અમીછાંટણા કરવાનો ચડાવો.

**(C) ચાતુર્માસમાં સાધારણ ખાતાના ચડાવા :**

૧. ચાતુર્માસ પ્રવેશ સમયે ઉપાશ્રયના દ્વારોદ્ઘાટનનો ચડાવો. (ચારે'ય કે બારે'ય મહિનાની આરાધનાનો લાભ મળે.)

૨. તપના બિયાસણાં-પારણા-અત્તરવાયણા કે તપસ્વીઓના બહુમાન જેમકે દૂધથી પગ ધોવા-તિલક-હાર-સાફો કે ચૂંદડી-શાલ-શ્રીફળ-સન્માનપત્ર અર્પણના ચડાવા કે નકરા.

૩.તપ ઉજમણામાં તપસ્વીઓના સામુદાયિક વરઘોડામાં બગી વગેરેના ચડાવા કે નકરા.

૪. શાલિભદ્ર, પુણીયો શ્રાવક, ૧૬ ઉદ્ધારક, કનકશ્રી વગેરેના બહુમાન કરવાના ચડાવા.

૫. ચાતુર્માસ પ્રવેશ (આદિ) સામૈયામાં કે તપસ્યાના વરઘોડામાં અષ્ટમંગલ લઈને ફરવાના ૮ ચડાવા.

**(D) દીક્ષા.**

૧. દીક્ષાર્થીનું બહુમાન જેમકે દૂધથી પગ ધોવા-તિલક-હાર-સાફો કે ચૂંદડી-શાલ-શ્રીફળ-સન્માનપત્ર અર્પણ, વધામણા, વિદાયતિલક કરવાના અલગ અલગ ચડાવા.

૨. દીક્ષાર્થીને દીક્ષાની વિધિમાં ચરવળો-કટાસણું-મુહપત્તી અર્પણ કરવાની બોલી (ક્રિયા બાદ બોલી લેનારને ચરવળો આદિ તે તે ઉપકરણ મળે.)

૩. દીક્ષાર્થીના વરઘોડામાં અષ્ટમંગલના ૮ મંગલના ચડાવા.

૪. દીક્ષા લેવા માટે દીક્ષામંડપમાં પ્રવેશતા દીક્ષાર્થીને શુભશુકન-મંગલકારક ૮ મંગલના દર્શન કરાવવાના ચડાવા.

૫. દીક્ષાર્થીના માતા-પિતાનું બહુમાન કરવાનો ચડાવો

**(E) છ'રિ' પાલક સંઘ :**

૧. સંઘપતિનું બહુમાન જેમકે દૂધથી પગ ધોવા-તિલક-હાર-સાફો કે ચૂંદડી-શાલ-શ્રીફળ-સન્માનપત્ર અર્પણ આદિ કરવાના ચડાવા.

૨. સંઘ કાઢનારને 'સંઘવી' પદ જાહેર કરવાનો ચડાવો.

**(F)** શાસન સ્થાપના (વૈશાખ સુદ-૧૧)ને દિવસે ઉપાશ્રયની અગાસીમાં શાસનધ્વજ ફરકાવવાનો ચડાવો.

**(G) મહોત્સવ સંબંધી સાધારણના ચડાવા**

૧. સાધર્મિક ભક્તિ, નવકારશી, જમણ વગેરેના નકરા કે ચડાવા.

૨. ફલે ચુંદડી કે ઝાંપા ચુંદડીની આવક

૩. કંકોત્રીમાં લિખિતં, પ્રણામ, જય જિનેન્દ્ર લખવાનો ચડાવો.

૪. ધાર્મિક મહોત્સવ કે વ્યાખ્યાન માટે મંડપ ઉપર નામકરણના ચડાવા.

**(H) શ્રી સંઘની જનરલ સાધારણ આવક વ્યવસ્થા :**

૧. સંઘ સદસ્ય / મેમ્બરશીપનો નકરો.

૨. સર્વસાધારણ ફંડ-ટીપ-કાયમી તિથિ

૩. સાધારણના ભંડારની આવક

૪. ફોટા-તકતી વગેરે સ્કીમની આવક

૫. પેઢીનું મકાન-ગેટ વગેરે ઉપર નામના ચડાવા વગેરેની આવક

૬. પોતાના જન્મદિવસે ૧૦૦, ૨૦૦, ૫૦૦ રૂા. સાધારણખાતે લખાવવા.

**(I) Extra**

૧. સંઘપ્રમુખને તિલક કરવાનો ચડાવો.

૨. જે તે અવસરે ઉપાશ્રયમાં કંકુ થાપા કરવાનો ચડાવો.

૩. મહાપૂજા વગેરે જે તે અવસરે શ્રીસંઘ સભ્યોના ૧. દૂધથી પગ ધોવા, ૨. તિલક કરવું, ૩. બાદલું કરવું, ૪.પ્રભાવના આપવી, ૫. ગુલાબજળ છાંટવું વગેરેના ચડાવા.

૪. નૂતન ઉપાશ્રયના ભૂમિપૂજન-ખનન-શિલા સ્થાપનનો ચડાવો (રકમ ઉપાશ્રય ખાતે જાય તેમજ વધેલી રકમ સર્વસાધારણ ખાતે)

**(J) દેવ-દેવી સંબંધી ચડાવા:**

સ્વદ્રવ્યના દેરાસરમાં અથવા તો સાધારણની જગ્યા તથા સાધારણમાંથી બનાવેલ દેરી વગેરેમાં જે તે ભગવાનના યક્ષ-યક્ષીણી તથા અન્ય શ્રી માણિભદ્રદેવ વગેરે દેવ-દેવી વગેરેની

૧. પ્રતિમા ભરાવવાના ચડાવા

૨. પ્રતિષ્ઠા કરવાના ચડાવા

૩. તેમની સામે મૂકેલા ભંડારની આવક

૪. દેવને ખેસ અને દેવીને ચૂંદડી ઓઢાડવાના નકરા કે ચડાવા

૫. દેવ-દેવીની આરતીના ચડાવા

**: નોંધ :**

૧. દેવ-દેવીના મંદિર-દેરીની જગ્યા અને તેમની દેરી નિર્માણ, એ બંને સાધારણ દ્રવ્યના બનેલા હોવા જરૂરી છે. બંને કે બેમાંથી એક પણ જો દેવદ્રવ્યના હોય તો તે આવક દેવદ્રવ્યમાં જાય.

૨. દેવ-દેવી સંબંધી સાધારણની આવકનો ઉપયોગ શ્રાવકોને પ્રભાવના આપવા કે સાધર્મિક વાત્સલ્યમાં કરવો ઉચિત જણાતો નથી. તેમજ આ રકમ જીવદયા કે અનુકંપામાં પણ વપરાતી નથી.

**જય જય હોજો-મંગલ હોજો,**
**જૈન સંઘનું મંગલ હોજો.**
**વિશ્વમાત્રનું મંગલ હોજો.**



ઝીણા મોતીથી ગૂંથાયેલ અષ્ટમંગલ





પરમ શ્રેષ્ઠ આકાર સ્વરૂપે દેવલોકમાં શાશ્વતપણે રહેલ તથા આગમોમાં દર્શનીય સ્વરૂપે પરમ સન્માનનીય કહેલ અષ્ટમંગલોના પર્યુષણા પર્વ વગેરે જેવા પવિત્ર મહાન દિવસોમાં સંઘોપક્રમે સકળ શ્રીસંઘને દર્શન કરવા-કરાવવા તે જીવનનું અહોભાગ્ય છે.

આ સર્વશ્રેષ્ઠ મંગલો, આપણા જીવનને ધર્મમંગલમય બનાવવામાં કારણભૂત બની રહે એવી શુભ ભાવનાથી ઉપચાર સ્વરૂપે તેના પર નિર્મળ સુગંધી જળનો છંટકાવ કરીએ,ચંદનના છાંટણા કરીએ, પુષ્પ વગેરેની માળા પહેરાવીએ, ધૂપ કરીએ અને જીવન ધન્ય બનાવીએ.



Shilp-Vidhi

# શિલ્પવિધિ પ્રકાશન

## જૈન શિલ્પ વિધાન
(ભાગ-૧,૨)

શિલ્પશાસ્ત્રો, વર્તમાન પરંપરા તથા અનુભવી
વિદ્વાનો-શિલ્પીઓના અનુભવના નિચોડરૂપ શાસ્ત્રીય શિલ્પગ્રંથ

## જિનાલય નિર્માણ માર્ગદર્શિકા
(ગુજ., હિન્દી)

મંદિર નિર્માણ તેમજ શ્રી સંઘમાં વારંવાર ઉપયોગી ઓપ-લેપ-ચક્ષુ-ટીકા,
દેવ-દેવીઓની સ્વતંત્ર ધ્વજા, લેખ, લાંછન વગેરે અનેક બાબતો માટે
વ્યવહારિક, સ્પષ્ટ અને સચોટ, પારદર્શક માર્ગદર્શક વ્યવહારિક શિલ્પગ્રંથ

## હેમકલિકા-૧
## શ્રી અઢાર અભિષેક વિધાન

૧૮ અભિષેક સંબંધી અનેક રહસ્યો, વિધાનશુદ્ધિ, દૃષ્ટાંતો, ભક્તિગીતો,
સ્તુતિઓ સભર ૨૦૦થી વધુ પ્રાચીન પ્રતિષ્ઠાકલ્પાધારે સંપાદિત વિધિ ગ્રંથ

## હેમકલિકા-૨
## શ્રી ધારણાગતિયંત્ર

જે તે સંઘ કે વ્યક્તિ માટે સંઘ કે ગૃહમંદિરમાં કયા ભગવાન પધરાવવા
વધુ લાભદાયી છે એ જોવા માટેના કોષ્ટક સ્વરૂપ ગ્રંથ

## શાશ્વત જિન પ્રતિમા સ્વરૂપ

આગમગ્રંથોને આધારે દેવલોકમાં રહેલ
શાશ્વત જિન પ્રતિમાનું સચિત્ર વર્ણન

Coming Soon

## હેમકલિકા-૩
## જિનાલય નિર્માણ વિધિવિધાન

મંદિરનિર્માણના પ્રારંભથી અંત સુધીમાં કરવાના
શિલ્પશાસ્ત્રોક્ત સર્વ વિધાનો...

## ધ્વજા સંહિતા

મંદિરના શિખરે સોહતી ધ્વજાના સંદર્ભમાં
અનેક અવનવી માહિતિ સાથેનો રેફરન્સ ગ્રંથ

## શ્રી બૃહદ્ ધારણાયંત્ર એવં
## શ્રી ધારણાગતિ યંત્ર (હિન્દી)

વિ.સં. ૨૦૭૨ના ઐતિહાસિક શ્રમણ સંમેલનના
સર્વમાન્ય ઠરાવ નં ૪૮ અનુસારે,
સમગ્ર ભારત-ભરના તપાગચ્છીય શ્રી સંઘોમાં
સાધારણ દ્રવ્યની વૃદ્ધિના કર્તવ્ય સંદર્ભે,
પર્યુષણા પર્વના મહાન પવિત્ર દિવસોમાં
આગમોમાં દર્શનીય સ્વરૂપે કહેલા
અષ્ટમંગલના દર્શનની ઉછામણીનો
શુભારંભ થઈ રહ્યો છે, એ પુણ્યાવસરે....



અષ્ટમંગલ મહિમાવર્ણક પ્રસ્તુત પુસ્તિકા પ્રકાશને

## લાભાર્થી ગુરુભક્ત

# હાર્દિક પટવા
# આકાશ શાહ

## Patwa and Shah

Chartered Accountants

203, Eternia Complex, 74 - Swastik Society,
Above Indian Bank, Navrangpura,
Ahmedabad-09